(101) બે કે તેથી વધુ પરિબળો વચ્ચેના કારણ અને અસર વચ્ચેના સંબંધને શું કહે છે ?

(A) વિધેય

(B) સહસંબંધ

(C) માંગ

(D) નિયતસંબંધ

(102) મૂલ્યઅનપેક્ષ માંગ એટલે શું ?

(A) વસ્તુની કિંમતના ટકાવારી ફેરફાર કરતા વસ્તુની માંગમાં થતા ટકાવારી ફેરફાર ઓછો હોય.

(B) વસ્તુની કિંમતના ટકાવારી ફેરફાર કરતા વસ્તુની માંગમાં થતા ટકાવારી ફેરફાર વધુ હોય.

(C) વસ્તુની કિંમતના ટકાવારી ફેરફાર અને વસ્તુની માંગમાં થતા ટકાવારી ફેરફાર એકસમાન હોય.

(D) વસ્તુની કિંમતમાં ટકાવારી ફેરફાર સામે વસ્તુની માંગ સ્થિર રહે.

(103) ટૂંકાગાળામાં જ્યારે ઉત્પાદનનું પ્રમાણ શૂન્ય હોય ત્યારે નીચેનામાંથી કયો ખર્ચ શૂન્ય હોય છે ?

(A) નાણાકીય ખર્ચ

(B) સરેરાશ ખર્ચ

(C) અસ્થિર ખર્ચ

(D) સ્થિર ખર્ચ

(104) વધારાનું એક એકમ ઉત્પન્ન કરવાથી કુલ ઉત્પાદન-ખર્ચમાં થતા ફેરફારના કારણે ખર્ચને, કયાં ખર્ચથી ઓળખવામાં આવે છે ?

(A) સ્થિર ખર્ચ

(B) અસ્થિર ખર્ચ

(C) કુલ ખર્ચ

(D) સીમાંત ખર્ચ

(105) કયા બજારમાં વસ્તુના જુદા-જુદા ઉપયોગ અનુસાર જુદી-જુદી કિંમત વસૂલી શકાય છે ?

(A) પૂર્ણ હરીફાઈ

(B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ

(D) અલ્પહસ્તક ઈજારો

(106) માલિકીનું સંપૂર્ણ હસ્તાંતરણ એટલે શું ?

(A) જાહેરક્ષેત્રના તમામ શેર ખાનગીક્ષેત્રને વેચી દેવા.

(B) જાહેરક્ષેત્રના 33% શેર ખાનગીક્ષેત્રને વેચી દેવા.

(C) જાહેરક્ષેત્રના 49% શેર ખાનગીક્ષેત્રને વેચી દેવા.

(D) જાહેરક્ષેત્રના 51%થી વધુ શેર ખાનગીક્ષેત્રને વેચી દેવા.

(107) નીચેનામાંથી કઈ પદ્ધતિનો ઉપયોગ રાષ્ટ્રીય આવક માપવા માટે થતો નથી.

(A) ઉત્પાદન પદ્ધતિ

(B) આવકની પદ્ધતિ

(C) ખર્ચની પદ્ધતિ

(D) સંરક્ષણ પદ્ધતિ

(108) ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને લાગતા ઘસારાને કુલ આંતરિક પેદાશમાંથી બાદ કરતા કઈ પેદાશ પ્રાપ્ત થાય છે ?

(A) કુલ આંતરિક પેદાશ
(B) શુદ્ધ આંતરિક પેદાશ
(C) કુલ રાષ્ટ્રીય પેદાશ
(D) શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ

(109) જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI) કોણે રજૂ કર્યો હતો ?

(A) પ્રો. આમર્ત્ય સેન
(B) રોબિન્સ
(C) મોરિસ ડેવિસ મોરિસ
(D) એલ્ફ્રેડ માર્શલ

(110) કિંમત વધવા છતાં માંગ વધે તેવી વસ્તુઓ કેવી કહેવાય ?

(A) નકામી વસ્તુઓ
(B) સારી વસ્તુઓ
(C) પ્રતિષ્ઠા મૂલ્ય ધરાવતી વસ્તુઓ
(D) નુકસાનકારક વસ્તુઓ

(111) પૂરવઠા રેખા પોતાની ડાબી બાજુએ ખસે છે ત્યારે તે શું સૂચવે છે ?

(A) પૂરવઠાનું સંકોચન
(B) પૂરવઠાનું વિસ્તરણ
(C) પૂરવઠામાં વધારો
(D) પૂરવઠામાં ઘટાડો

(112) નીચેનામાંથી કયુ સીમાંતખર્ચને શ્રેષ્ઠ રીતે વ્યાખ્યાયિત કરે છે ?

(A) સીમાંત ખર્ચ એ સરેરાશ અસ્થિર અને સરેરાશ સ્થિર ખર્ચનો સરવાળો છે.
(B) સીમાંત ખર્ચ એ કુલ ખર્ચ અને સરેરાશ ખર્ચનો સરવાળો છે.
(C) સીમાંત ખર્ચ એ કુલ ખર્ચ અને સરેરાશ ખર્ચનો તફાવત છે.
(D) સીમાંત ખર્ચ એ ઉત્પાદનના વધારાના એકમના કારણે કુલ ખર્ચમાં ફેરફાર છે.

(113) નીચેનામાંથી કયું ઈજારાયુક્ત હરીફાઈનું લક્ષણ નથી.

(A) પેઢીઓની મુક્ત - અવર-જવર
(B) મોટી સંખ્યામાં વેચનારા અને અસંખ્ય ખરીદનારા
(C) ભાવ અને ઉત્પાદનના નિર્ણયની બાબતમાં પેઢીઓ વચ્ચે તીવ્ર પરસ્પર નિર્ભરતા
(D) વસ્તુ - વિભિન્નતા

(114) રોજગારી માટેના ક્ષેત્રો કેટલા છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

(115) 1991માં લાગુ કરાયેલી નવી આર્થિક નીતિમાં નીચેનામાંથી કયું લક્ષણ નથી?

(A) આયાત-નિકાસ પરવાના નીતિ હળવી કરાઈ.

(B) કરમાળખું સરળ બનાવવામાં આવ્યું.

(C) નાણાંકીય નીતિ ઉદાર બનાવવામાં આવી.

(D) નોન ટેરિફ અવરોધોમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો.

(116) જાહેરક્ષેત્રના કેટલા ટકા શેર ખાનગી ક્ષેત્રને વહેંચવામાં આવે તો સંચાલન રાજ્યહસ્તક રહે ?

(A) 29% થી 49% (B) 51%

(C) 51% થી ઓછા (D) 51% થી વધુ

(117) રાષ્ટ્રીય આવકને કેટલી રીતે માપી શકાય ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

(118) "હર હાથકો કામ, હર ખેતમેં પાની" પૂર્ણ રોજગારી માટે આ સૂત્ર કોણે આપ્યું ?

(A) ગાંધીજી (B) પંડિત દીનદયાળ

(C) રસ્કિન (D) થોરો

(119) એક બેન્ક બીજી બેન્કને ટૂંકાગાળાનું ધિરાણ RBI દ્વારા આપે અને તેની ઉપર જે વ્યાજદર લેવાય તેને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) રેપોરેટ (B) રિવર્સ રેપોરેટ

(C) કોલ મની રેટ (D) બેન્ક રેટ

(120) કયા બજારમાં પોતાના હરિફોની વર્તણૂંકને આધારે પેઢી પોતાની બજાર અંગેની નીતિ નક્કી કરે છે ?

(A) પૂર્ણ હરિફાઈ (B) ઈજારો

(C) અલ્પહસ્તક ઈજારો (D) ઊભયપક્ષી ઈજારો

(121) એક એકર વિસ્તાર એટલે કેટલાં ગુંઠા થાય ?

(A) 32 (B) 36

(C) 40 (D) 42

(122) નીચેનામાંથી માંગ વિધેયનું સાચું સૂત્ર કયું છે ?

(A) Dx = f (Px, Py, Pe, T, U) (B) Dx = f (Px, Py, T, Y, U)

(C) Dx = f (Px, Py, Pe, T, Y) (D) Dx = f (Px, Py, Pe, T, Y, U)

(123) ચાણક્યના મોટા ભાગના આર્થિક વિચારોમાં કયા વર્તનવાળી આર્થિક પ્રવૃત્તિ કેન્દ્રસ્થાને છે ?

(A) જાહેર અને ખાનગી
(B) ખાનગી અને ધાર્મિક
(C) જાહેર અને સામૂહિક
(D) ખાનગી અને સામૂહિક

(124) નીચેનામાંથી કઈ રીત માંગની મૂલ્યસાપેક્ષતા માપવા માટેની રીત નથી ?

(A) ગુણોત્તરની રીત
(B) કુલ ખર્ચની રીત
(C) કુલ આવકની રીત
(D) ભૌમિતિક રીત

(125) આયાત થતી વસ્તુનું ઉત્પાદન દેશમાં કરવામાં આવે તેને શું કહેવાય ?

(A) ઉદારીકરણ
(B) ખાનગીકરણ
(C) પ્રત્યક્ષ સંસ્થાકીય મૂડીરોકાણ
(D) આયાત - અવેજીકરણ

(126) નિયોજકને ધંધાની ચિંતા, બિનસલામતી, અનિશ્ચિતતાનો સામનો કરવો પડે તે કયા પ્રકારનો ખર્ચ છે ?

(A) નાણાંકીય ખર્ચ
(B) વાસ્તવિક ખર્ચ
(C) અસ્થિર ખર્ચ
(D) સીમાંત ખર્ચ

(127) Competition Act કયા વર્ષથી અમલી બન્યો ?

(A) 2002
(B) 1969
(C) 1951
(D) 1991

(128) ઊર્ધ્વગામી અને અધોગામી આર્થિક વલણો સર્જાય તેવાં પરિવર્તનો કેવા પરિવર્તનો ગણાય ?

(A) ચક્રિય
(B) મોસમી
(C) દીર્ઘકાલીન
(D) આકસ્મિક

(129) સરકાર દ્વારા કુલ કેટલા પરોક્ષ કરવેરાને સ્થાને વસ્તુ અને સેવા કર આવ્યો ?

(A) 3
(B) 5
(C) 17
(D) 30

(130) કલ્યાણને કયાં પરિવર્તનો સાથે સંબંધ છે ?

(A) પરિમાણાત્મક
(B) ગુણાત્મક
(C) દીર્ઘકાલીન
(D) આકસ્મિક

(131) અંગ્રેજોના સમયમાં ભારતીય ખેતીનું વેપારીકરણ કેમ કરવામાં આવ્યું હતું ?

(A) ઉદ્યોગોને કાચો માલ મળી રહે
(B) નફો વધુ મળી રહે
(C) નિકાસો વધે
(D) રોજગારી વધે

(146) ફુગાવાની સ્થિતિમાં નાણાંના મૂલ્ય અને લોકોની ખરીદશક્તિ પર શું અસર થાય છે ?

(A) નાણાનું મૂલ્ય વધે છે અને ખરીદશક્તિ ઘટે છે.

(B) નાણાનું મૂલ્ય અને ખરીદશક્તિ બંને વધે છે.

(C) નાણાનું મૂલ્ય અને ખરીદશક્તિ બંને ઘટે છે.

(D) નાણાનું મૂલ્ય સ્થિર રહે છે અને ખરીદશક્તિ ઘટે છે.

(147) જ્યારે અર્થતંત્રમાં મંદી જેવી સ્થિતિ સર્જાય ત્યારે RBI સામાન્ય રીતે કઈ નીતિ અપનાવે છે ?

(A) સરકારી જામીનગીરીઓ ખરીદવી

(B) વ્યાજદરો વધારવા

(C) જામીનગીરીઓ વેચવી

(D) લોન પરના નિયંત્રણો કડક કરવા

(148) નાણાંનો પુરવઠો નાણાંની માંગને અનુરૂપ રહે તે માટે બેન્કો કયું કાર્ય કરે છે ?

(A) માત્ર થાપણો સ્વીકારે છે.

(B) શાખસર્જનનું કાર્ય કરે છે.

(C) વ્યાજના દર વધારે છે.

(D) નવા સિક્કા બહાર પાડે છે.

(149) ગરીબીનો આધુનિક અભિગમ તરીકે કયો ખ્યાલ મહત્ત્વનો છે ?

(A) આવક ગરીબી

(B) બિન-આવક ગરીબી

(C) માનવ ગરીબી આંક

(D) નિરપેક્ષ ગરીબી

(150) પ્રો. સુરેશ તેંડુલકર સમિતિના અંદાજ મુજબ વર્ષ 2011-12 માટે ગ્રામીણ ક્ષેત્રોમાં ગરીબી રેખા નક્કી કરવા માટે માસિક માથાદીઠ વપરાશ ખર્ચ કેટલો નક્કી કરવામાં આવ્યો હતો ?

(A) રૂા. 816

(B) રૂા. 860

(C) રૂા. 1000

(D) રૂા. 1100

(151) બેરોજગારીની સમસ્યાના અભ્યાસ માટે કઈ સમિતિની રચના કરવામાં આવી હતી ?

(A) તેંડુલકર સમિતિ

(B) રાજકૃષ્ણ સમિતિ

(C) મહાલનોબિસ સમિતિ

(D) ભગવતી સમિતિ

(152) મનરેગા કાર્યક્રમને સફળ બનાવવા સરકારે કયા દિવસને 'રોજગાર દિવસ' તરીકે જાહેર કર્યો છે ?

(A) 2 ફેબ્રુઆરી

(B) 12 ફેબ્રુઆરી

(C) 2 ઓક્ટોબર

(D) 12 ઓક્ટોબર

(153) વસ્તીવધારાની દૃષ્ટિએ ભારતમાં કયા વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) 1901
(B) 1921
(C) 1951
(D) 1991

(154) NABARDની સ્થાપનાનો મુખ્ય હેતુ શું છે ?

(A) ખેત-પેદાશોનું વેચાણ કરવું.
(B) સંસ્થાકીય ખેત-ધિરાણનો વ્યાપ વધારવાનો.
(C) જમીન મહેસૂલ ઉઘરાવવું.
(D) બિયારણનું વિતરણ કરવું.

(155) કૃષિમાં 'સુધારેલા બિયારણ' કયા પ્રકારનો સુધારો ગણાય છે ?

(A) ટેક્નોલૉજિકલ સુધારો
(B) સંસ્થાકીય સુધારો
(C) ધિરાણકીય સુધારો
(D) જમીન-સુધારણા

(156) જ્યારે ભારત માટે હૂંડિયામણનો દર ઊંચો થાય ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ચલણનું મૂલ્ય .........

(A) વધે છે.
(B) ઘટે છે.
(C) સમાન રહે છે.
(D) શૂન્ય થઈ જાય છે.

(157) SEZનું મૉડલ કયા દેશના આર્થિક વિસ્તારના મૉડલ પરથી વિકસાવવામાં આવ્યું છે ?

(A) રશિયા
(B) ચીન
(C) અમેરિકા
(D) પોલેન્ડ

(158) GSTના અમલીકરણના કારણે જે રાજ્યોને આર્થિક નુકસાન થાય છે, તેમને કેટલા વર્ષ સુધી વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 3 વર્ષ
(B) 5 વર્ષ
(C) 7 વર્ષ
(D) 10 વર્ષ

(159) કયા એકમોના આવક-ખર્ચની જોગવાઈ 'અંદાજપત્ર'માં કરવામાં આવે છે ?

(A) જાહેર નિગમો
(B) ખાતાકીય ઉદ્યોગો
(C) સંયુક્ત મૂડી કંપનીઓ
(D) સહકારી ઉદ્યોગો

(160) વીજળી, આંતરમાળખાકીય સુવિધાઓ, કૌશલ્ય પ્રાપ્તિ વગેરે માટે થતી આયાતોને કઈ આયાતો કહે છે ?

(A) વિકાસલક્ષી
(B) નિભાવ માટેની
(C) આવકલક્ષી
(D) વ્યુત્પન્ન માટેની

(161) સતત આવૃત્તિ - વિતરણ ધરાવતી માહિતી માટેના આલેખોના કુલ કેટલા પ્રકારો છે ?

(A) ત્રણ
(B) ચાર
(C) પાંચ
(D) છ

(162) વર્ષ 2010-12ના સમયગાળામાં ભારતમાં કુલ કેટલા ટકા વસ્તી કુપોષિત હતી ?

(A) 17.5
(B) 17.2
(C) 15.8
(D) 15.6

(163) ધારો કે પ્રાથમિક થાપણ રૂા. 25,000 અને રોકડ અનામતનું પ્રમાણ 4% હોય તો કેટલાં પ્રમાણમાં નવા નાણાંનું સર્જન થશે ?

(A) રૂા. 1,25,000
(B) રૂા. 1,00,000
(C) રૂા. 6,25,000
(D) રૂા. 6,00,000

(164) વિકસિત દેશોમાં કેટલી વસ્તીએ એક ડૉક્ટરની સેવા ઉપલબ્ધ છે ?

(A) દર 6000
(B) દર 1000
(C) દર 350
(D) દર 750

(165) વર્ષ 2013-14માં શ્રમ બ્યૂરો દ્વારા બેરોજગારીની મોજણી પ્રમાણે 15 વર્ષથી મોટી ઉંમરના લોકોમાં ગ્રામીણક્ષેત્ર માટે બેરોજગારીનો દર કેટલો હતો ?

(A) 5.7%
(B) 5.5%
(C) 4.9%
(D) 4.7%

(166) નગર માટે પ્રતિચોરસ કિલોમીટરે વસ્તીની ગીચતા કેટલી હોવી જોઈએ ?

(A) 5000
(B) 400
(C) 75
(D) 2050

(167) કયા સોફ્ટવેર ઇન્ટરનેટ દ્વારા વિના મૂલ્યે મેળવી શકાય ?

(A) SPSS
(B) SAS
(C) SHAZAM
(D) PSPP

(168) આયાત અને નિકાસ થતી ભૌતિક વસ્તુઓનું કુલ મૂલ્ય એટલે શું ?

(A) વિદેશ વેપારનું કદ

(B) વિદેશ વેપારની દિશા

(C) વિદેશ વેપારનું સ્વરૂપ

(D) વિદેશ વેપાર

(169) અઠવાડિયામાં કેટલાં કલાક કે તેથી ઓછાં કલાક માટે કામ મળે તે વ્યક્તિ તીવ્ર રીતે બેરોજગાર ગણાય ?

(A) 42
(B) 28
(C) 56
(D) 96

(170) લાંબાગાળાનું ધિરાણ સૈધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે ?

(A) 1 વર્ષ સુધીનું ધિરાણ
(B) 5 થી 7 વર્ષનું ધિરાણ
(C) 5 થી 15 વર્ષનું ધિરાણ
(D) 5 થી 25 વર્ષનું ધિરાણ

(171) બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ મુજબ SLRનું મૂલ્ય કુલ થાપણોના કેટલા ટકા હોય છે ?

(A) 2%
(B) 25%
(C) 5%
(D) 3% થી 5%

(172) "કમ્પ્યૂટર આવવાથી ટાઇપિસ્ટ લોકો બેરોજગાર બને" આને કયા પ્રકારની બેરોજગારી કહેવાય ?

(A) મોસમી બેરોજગારી
(B) ચક્રિય બેરોજગારી
(C) પ્રચ્છન્ન બેરોજગારી
(D) ઘર્ષણજન્ય બેરોજગારી

(173) ............માં ભૌતિક અને અભૌતિક વસ્તુઓનો સમાવેશ થાય છે ?

(A) વેપાર તુલા
(B) લેણદેણ તુલા
(C) મૂડી ખાતા
(D) ચાલુ ખાતા

(174) ભારતમાં વર્ષ 2013-14માં પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકે વિદ્યાર્થીઓનું પ્રમાણ અનુક્રમે .......... અને ..........

(A) 46 અને 34
(B) 34 અને 46
(C) 36 અને 24
(D) 56 અને 44

(175) ભારતમાં ન્યૂક્લિયર પાવરથી કેટલા ટકા વિજળી મેળવવામાં આવે છે ?

(A) 1.2%
(B) 1.6%
(C) 2%
(D) 2.2%

(183) એકમ પાઠ આયોજન એટલે શું ?

(A) સમાન કક્ષાવાળા શૈક્ષણિક અનુભવોનું સંકલન

(B) એક જ તાસનું આયોજન

(C) માત્ર પરીક્ષાલક્ષી આયોજન

(D) આપેલ એક પણ નહિ

(184) અર્થશાસ્ત્રના શિક્ષણમાં પ્રદર્શનો યોજવાથી શું લાભ થાય છે ?

(A) સર્જનાત્મક શક્તિ ખીલે છે

(B) વિષય પરત્વે અરૂચિ જન્મે છે.

(C) વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનની તકો મળે છે.

(D) A અને C

(185) ક્ષેત્ર કાર્ય અર્થશાસ્ત્રમાં શા માટે જરૂરી છે ?

(A) પરીક્ષા ન આપવી પડે તે માટે

(B) મનોરંજન માટે

(C) ઔપચારિક શિક્ષણને જીવંત બનાવવા માટે

(D) પરીક્ષા આપવી પડે તે માટે

(186) અર્થશાસ્ત્ર મંડળની સ્થાપનાનો મુખ્ય હેતુ શું છે ?

(A) વિદ્યાર્થીઓમાં આર્થિક જાગૃતિ અને અર્થશાસ્ત્રમાં રસ કેળવવા.

(B) અર્થશાસ્ત્રીઓના લેખોનો સંગ્રહ કરવો.

(C) અર્થશાસ્ત્રના લેખો લખવા.

(D) ઉપરોક્તમાંથી એક પણ નહિ.

(187) પાઠ આયોજનનો મુખ્ય ફાયદો શો છે ?

(A) સમય અને શક્તિનો બચાવ થાય છે.

(B) આત્મવિશ્વાસ વધે છે.

(C) શિક્ષણનું સાતત્ય જળવાય છે.

(D) આપેલ તમામ.

(188) ખેતીવાડી, ઉદ્યોગ, સિંચાઈ વિજળી જેવા પ્રશ્નો તથા વિકાસની માહિતી મેળવવા કયું સાધન ઉપયોગી બને છે ?

(A) જૂના પાઠ્યપુસ્તકો

(B) વર્તમાન પત્રો

(C) નકશાઓ

(D) ચોપાનીયાઓ

(189) નવી અને સર્જનાત્મક વિચાર દ્વારા વિકસાવવા માટે કઈ પ્રવિધિનો ઉપયોગ થાય છે ?

(A) સર્વેક્ષણ
(B) સ્વાધ્યાય
(C) વ્યાખ્યાન
(D) વિચાર મંથન

(190) ઉચ્ચતર માધ્યમિક સ્તર પર અર્થશાસ્ત્ર શિક્ષણના ધ્યેયો જણાવો.

(A) આર્થિક નાગરિકતા
(B) આર્થિક જીવન સિદ્ધાંતોનું જ્ઞાન
(C) A અને B
(D) વૈજ્ઞાનિક દષ્ટિકોણનો

(191) નીચેનામાંથી કયું એકમ તુલનાત્મક પદ્ધતિથી શીખવી શકાય ?

(A) ગાંધીજી
(B) દીનદયાળ ઉપાધ્યાય
(C) માંગ-પુરવઠો
(D) તુષ્ટિગુણ

(192) અર્થશાસ્ત્ર વિષયની બ્લૂ-પ્રિન્ટ કેટલાં હેતુઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે ?

(A) બે
(B) ચાર
(C) સાત
(D) આઠ

(193) નીચેનામાંથી કયું શિક્ષણનું સૂત્ર નથી ?

(A) જ્ઞાતથી અજ્ઞાત
(B) સરળથી કઠિન
(C) ચોક્કસથી સામાન્ય
(D) દરેકને એકસરખું શીખવવું

(194) નીચેનામાંથી અર્થશાસ્ત્રના શિક્ષણ માટેની વિશિષ્ટ પદ્ધતિ કઈ છે ?

(A) આગમન પદ્ધતિ
(B) નિગમન પદ્ધતિ
(C) નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ
(D) પ્રશ્નોત્તર પદ્ધતિ

(195) પ્રો. પિગુના મતે અર્થશાસ્ત્ર શિક્ષણનો ઉદ્દેશ નીચેનામાંથી કયો છે ?

(A) તર્કશક્તિનો વિકાસ
(B) જ્ઞાન પ્રાપ્તિ
(C) રાષ્ટ્રનીતિનું ઘડતર
(D) મહત્તમ કલ્યાણ

(196) અર્થશાસ્ત્રના શિક્ષણના સામાન્ય હેતુના જ્ઞાનપ્રાપ્તિના હેતુનો એક વિશિષ્ટ હેતુ છે.

(A) અનુસૂચિ - આકૃતિ વાંચવાનું કૌશલ્ય મેળવે.

(B) આર્થિક સમસ્યાઓનું વિશ્લેષણ કરતાં શીખે.

(C) આર્થિક ઘટનાને આધારે પરિણામ અંગેની આગાહી કરે.

(D) અર્થશાસ્ત્રના પારિભાષિક શબ્દો, સંકલ્પનાઓ વિશે જાણે.

(197) નીચેનામાંથી કયું લક્ષણ સારા અભ્યાસક્રમનું લક્ષણ નથી ?

(A) અભ્યાસક્રમ દીર્ઘકાલીન હોવો જોઈએ

(B) અભ્યાસક્રમ વૈવિધ્યપૂર્ણ અને સ્થિતિસ્થાપક હોય

(C) અભ્યાસક્રમમાં બાળકની પ્રવૃત્તિને સ્થાન મળવું જોઈએ.

(D) અભ્યાસક્રમ જીવનલક્ષી હોવો જોઈએ

(198) પ્રોજેક્ટના સોપાનોમાં કોના સહયોગથી આયોજન થવું જ જોઈએ ?

(A) માતા-પિતા (B) વિદ્યાર્થી

(C) શિક્ષક (D) આચાર્ય

(199) કયા પ્રકારના અનુબંધમાં શિક્ષક દ્વારા પ્રવૃત્તિની સાથે જ વિષયોનું શિક્ષણ જોડી દેવામાં આવે છે ?

(A) એકલક્ષી અનુબંધ (B) દ્વિલક્ષી અનુબંધ

(C) સહલક્ષી અનુબંધ (D) વિવિધલક્ષી અનુબંધ

(200) અધ્યાપન અધ્યયન દરમિયાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય થાય તે માટે કલા કૌશલ્ય વિશિષ્ટ કરામતને શું કહેવાય ?

(A) પ્રયુક્તિ (B) પદ્ધતિ

(C) સિદ્ધાંત (D) નિયમ

◆◆◆